અપીલ અરજી નં.૨૧/૦૮–૦૯ તા. ૨૧–૪–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

# હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૫–૨–૦૮ની અરજીથી આઈ ડી.નં.૮૯૫ થી આરટીઆઈ સે.ઝોન/આ.નં.૯૭૯ તા. ૧૮–૨–૦૮ ની મળેલી માહિતીમાં જે ઠરાવની નકલ મળી છે એ નકલમાં સુરત શહેર સુધરાઈ (મુખ્ય અધિકારી )તેમજ પ્રમુખશ્રી સહી કરેલી નકલ મળેલ નથી તો આ ઠરાવ નકલ માન્ય ગણાય તેવી માંગવામાં આવેલી માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૧–૪–'૦૮ ની અપીલ અરજી નં.૨૧/૦૮–૦૯.

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૫–૨–૦૮ની અરજીથી આઈ ડી.નં.૮૯૫ થી વિષયમાં જણાવેલ માંગવામાં આવેલ માહિતી બાબતે આરટીઆઈ સેન્ટ્રલ ઝોન આ.નં.૧૦૮૧ તા.૨૪–૩–૦૮ થી આપેલ "આપને માંગ્યા મુજબના ઠરાવની આપેલ નકલ રેકર્ડના નિયમ મુજબ અધિકૃત છે" તેવી આપેલ માહિતી સહીસિકકા વગરની તેમજ ઓરીજનલ નકલની ઝેરીક્ષની નકલ નહી હોવાનું જણાવી અરજદાર તરફથી તા.૨૧–૪–૦૮ ના રોજ અપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત આપેલ માહિતી નકલ તેમજ રેકર્ડના નિયમ હેઠળ તેવી નકલ અધિકૃત હોવાની જોગવાઈ ની નકલ તેમજ વિશેષ માહિતી હોય તો તેની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૪ તા.૨૮–૪–૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પૂરક માહિતી માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને રાઈટ ટુ ઈન્ફરમેશન સેન્ટ્રલ ઝોન આ.નં.૧૨૧ તા.૧–૫–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જેમાં અરજદારને પાઠવેલ તા.૨૪–૩–૦૮ ના પત્રની નકલ છે.

અરજદાર તરફથી અપીલ અરજીમાં ઓરીજનલ નકલની સહીસિકકાવાળી નકલ મળેલ નથી તે માન્ય ગણાય તેવી માહિતી માંગેલ છે. જયારે માહિતી અધિકારી તરફથી સદર બાબતે રાઈટ ટુ ઈન્ફરમેશન સેન્ટ્રલ ઝોન/૧૦૮૧ તા.૨૪–૩–૦૮ થી અરજદારને પાઠવેલ પત્રમાં સદર ઠરાવની નકલ રેકર્ડના નિયમ મુજબ આપવામાં આવેલ અધિકૃત નકલ છે તેવી માહિતી આપવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૫–૨–૦૮ ની અરજીથી માંગેલ માહિતી " સહી કરેલ અધિકૃત નકલ મળેલ નથી તો તે માન્ય ગણાય " તે છે. જાહેર માહિતી અધિકારીએ તે રેકર્ડના નિયમ મુજબ અધિકૃત છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી એ અત્રે મોકલેલ તેજ માહિતી પૈકી ઠરાવની નકલ જોતાં તે પ્રમાણિત જણાતી નથી અરજદારને પ્રમાણિત નકલ આપેલ છે કે કેમ તેની સ્પષ્ટતા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરક માહિતીમાં મળેલ નથી. આરટીઆઈ એકટ કલમ–૨ હેઠળ અરજદારને પ્રમાણિત નકલ મેળવવા અધિકાર છે. તે ધ્યાને લેતાં કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી પ્રમાણિત નકલ દિન–૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,